ગામ :- ઉત્રાણ **બ્લોક નં** :- ૬૪ પી ૧

ટી.પી. :- ૭૩ **એફ.પી.** :- ૩૮

નામ :- **"પાર્ક એવન્યુ"**

ફ્લેટ નં. :- ....

બિલ્ડઅપ એરીયા :- .... ((( )))

-:: વેચાણ દસ્તાવેજ ::-

વેચાણ અવેજ રૂા. ..../- પુરાનો.

(અંકે રૂા. .... પુરા)

ગામ :- ઉત્રાણ **બ્લોક નં :-** ૬૪ પી ૧
ટી.પી. :- ૭૩ **એફ.પી.** :- ૩૮
નામ :- **"પાર્ક એવન્યુ"**
ફલેટ નં. :- ....
બિલ્ડઅપ એરીયા :- .... ((( )))

જત આજરોજ વિક્રમ સંવત ૨૦૭૪ ના .... ને વાર .... વાર ને તારીખ:- .... મી માહે ...., સને ૨૦૧૮ ના અંગ્રેજી દિને...

આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને ખરીદનાર તે તમો એક તરફવાળા :-

શ્રી.. PAN NO.:-

....

ઉ.આ.વ. :- **..............**, જાતના :- હિન્દુ, ધંધો :- **..............**,

રહેવાસી :- **..**

મો.નં.:- **..**

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં એક તરફવાળા અને/અગર લખાવી લેનારા અને/અગર વેચાણ રાખનારા અને/અગર તમો એ **"ખરીદનાર"** તરીકે સંબોધવામાં આવેલ છે. જેઓનાં સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ના હોય ત્યાં વેચાણ રાખનાર પોતે તથા તેઓના વંશવાલી, વારસો, ટ્રાન્સફરીઓ, એસાઇની, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સકસેસર્સ તથા વખતોવખતનાં હોદ્દેદારો ઇત્યાદી તમામનો સમાવેશ થાય છેં.)

આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને વેચનાર તે અમો બીજા તરફવાળા :-

મે. પ્રમુખ એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢી વતી તેનાં વહીવટ કર્તા ભાગીદાર

(રેરા રજી. નં. .... તારીખ : ....) PAN NO.:-

રજી. ઓફીસ :- પાર્ક એવન્યુ, બ્લોક નં. ૬૪ પૈકી૧, ટી.પી. ૭૩ (ઉત્રાણ), ઉત્રાણ, તા. અડાજણ, જી. સુરત-૩૯૪૧૦૫..

શ્રી...

ઉ.આ.વ. :- **..........**, જાતના :- હિન્દુ, ધંધો :- **.................**,

રહેવાસી :- **...**

મો.:-...

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજી તરફવાળા અને/અગર લખી આપનારા અને/અગર વેચાણ આપનારા અને/અગર અમો એ **"વેચનાર"** તરીકે સંબોધવામાં આવેલ છે. જેઓનાં સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ના હોય ત્યાં વેચાણ આપનાર પોતે તથા તેમનાં વંશવાલી, વારસો, ટ્રાન્સફરીઓ, એસાઇનીઓ, એકિઝકયુટર્સ, એડમિનિસ્ટેટ્રર્સ, સકસેસર્સ તથા વખતોવખતનાં હોદ્દેદારો ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

જત્ આજરોજ અમો વેચાણ આપનાર, બીજી તરફવાળા તમો વેચાણ રાખનાર, એક તરફવાળાને આ વેચાણ દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે....

ગામ :- ઉત્રાણ **બ્લોક નં :-** ૬૪ પી ૧
ટી.પી. :- ૭૩ **એફ.પી.** :- ૩૮
નામ :- "પાર્ક એવન્યુ"
ફલેટ નં. :- …………
બિલ્ડઅપ એરીયા :- ………… ((( )))

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ (સુરતસીટી) ના મોજે ગામ- ઉત્રાણના, ખાતા નં.૧૩૯૩, બ્લોક : ૬૪ પૈકી ૧, સર્વે નં. ૧૫ થી નોંધાયેલ જમીન, કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨, મુજબ હે. ૦-૯૮-૦૩ આરે ચો.મી. છે. જેનો આકાર ૧૭.૧૪ પૈસા છે. જેનો ટી.પી. સ્કીમ નં. ૭૩ (ઉત્રાણ) ના **ફાઇનલ પ્લોટ નં. ૩૮** થી નોંધવામાં આવેલ બીનખેતી જમીનમાં આયોજન કરવામાં આવેલ **"પાર્ક એવન્યુ"** ના ……… બિલ્ડીગના …………….. માળ પર આવેલ ફલેટો પૈકી **ફલેટ નં.** …………….. વાળી મિલકત કે જેનો બિલ્ડ અપ એરીયા ………… **સ્કે.ફુટ યાને ………… ચો.મી.** તથા **કાર્પેટ એરીયા…………. ચો..મી** વાળી મિલકત અમો બીજી તરફવાળા સંપુર્ણ અને સ્વતંત્ર માલિક મુખત્યાર છીએ. મજકુર મિલકત અમો બીજી તરફવાળાનાં સંપુર્ણ અને સ્વતંત્ર પ્રત્યક્ષ માલિકી ભોગવટા વહીવટપણામાં ચાલી આવેલ છે. અને તેની હરકોઇ પ્રકારની વ્યવસ્થા કરવા/કરાવવાનો અમો બીજી તરફવાળાને સંપુર્ણ હકક અને અધિકાર છે.

મજકુર મિલકતના ટાઇટલસ તદન ચોખ્ખા અને માર્કેટેબલ છે. તેનો ઇતિહાસ એવો છે કે,…….

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો સુરતસીટી, ના મોજે ગામ : ઉત્રાણના, રેવન્યું સર્વે નં. ૧૫ થી નોંધાયેલ જમીન રેવન્યું દફતરે માલીક તરીકે પ્રેમચન્દ્ર નંદકૃષ્ણલાલ પાસેથી રજી. દસ્તાવેજ થી ગંભીરસિંહ ડાહ્યાભાઇ તથા ઉમેદસિંહ ડાહ્યાભાઇ તથા માધવસિંહ ડાહ્યાભાઇ તથા ધીરૂસિંહ ડાહ્યાભાઇ એ તા.૮/૫/૪૭ નારોજ વેચાણ રાખેલી જે અંગેની રેવન્યુ દફતરે નોંધ નં.૫૯ તા.૧૭/૬/૪૭ નારોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે. ત્યારબાદ સદરહું સર્વે નં.૧૫ વાળી જમીન થી ગંભીરસિંહ ડાહ્યાભાઇ તથા ઉમેદસિંહ ડાહ્યાભાઇ તથા ધીરૂસિંહ ડાહ્યાભાઇ ચાલી આવેલ તેઓ પૈકી ધીરૂસિંહ ડાહ્યાભાઇ આસરે દશ વરસ પર ગુજરી જવાથી તેના વારસમાં સગીર છોકરીઓ જશુબેન ધીરૂભાઇ તથા નીરૂબેન તથા મરનારની ધણીયાણી બાઇ તેજુબેન તે ધીરૂસિંહ ડાહ્યાભાઇની વિધવા હોવાથી મરનારની જગ્યાએ વારસાઇથી બાઇ તેજુબેન તે ધીરૂસિંહ ડાહ્યાભાઇ નિ વિધવા નું નામ આવેલ જવાબ ના આધારે દાખલ કરવામાં આવેલ જે અંગેની રેવન્યુ દફતરે નોંધ નં. ૪૭૬ તા. ૨૬/૭/૫૭ નારોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન ગંભીરસિંહ ડાહ્યાભાઇ તથા ઉમેદસિંહ ડાહ્યાભાઇ તથા માધવસિંહ ડાહ્યાભાઇ તથા બાઇ તેજુબેન તે ધીરૂસિંહ ડાહ્યાભાઇ નિ વિધવા નામે ચાલે છે તેઓ બાઇ તેજુબેન તે ધીરૂસિંહ ડાહ્યાભાઇની વિધવાએ પોતાનાનો હકક-હિસ્સો ઉઠાવી લીધેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે નોંધ નં.૬૫૮ તા. ૬/૫/૭૨ નારોજ પાડવામાં આવેલ જે નોંધ રદ થયેલ

ત્યારબાદ સદરહું જમીન ગંભીરસિંહ ડાહ્યાભાઇ તથા ઉમેદસિંહ ડાહ્યાભાઇ તથા માધવસિંહ ડાહ્યાભાઇ તથા બાઇ તેજુબેન તે ધીરૂસિંહ ડાહ્યાભાઇ નિ વિધવા નાઓના નામે ચાલે છે. તેઓ પૈકી તેજુબેન તે ધીરૂસિંહ ડાહ્યાભાઇની વિધવાએ શ્રી માધવસિંહ ડાહ્યાભાઇ ને રજી. દસ્તાવેજથી એ.ગુ.૧-૧૧ પોતાના હિસ્સાની જમીન વેચાણ આપી જેથી તેજુબેન ધીરૂસિંહ નુ નામ કમી કરી માધવસિંહ ડાહ્યાભાઇના નામે એ.ગુ.૧-૧૧ જમીન વધારવામાં આવેલ જે અંગેની રેવન્યુ દફરતે નોંધ નં.૭૨૦ તા. ૬/૧૨/૭૩ નારોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ગામ :- ઉત્રાણ **બ્લોક નં :-** ૬૪ પી ૧
ટી.પી. :- ૭૩ **એફ.પી.** :- ૩૮
નામ :- **"પાર્ક એવન્યુ"**
ફલેટ નં. :- ....
બિલ્ડઅપ એરીયા :- .... ((( )))

ત્યારબાદ એકત્રીકરણ યોજના અમલમાં આવતા મજકુર મોજે ઉત્રાણ ના રેવન્યું નંબર ૧૫ થી નોંધવામાં આવેલ જમીનને બ્લોક નં.૬૪ ફાળવવામાં આવેલ હતો. જેની નોંધ રેવન્યું દફતરે એન્ટ્રી નં. ૮૯૬ થી તારીખ ૧૬/૭/૧૯૮૨ ના રોજ કરવામાં આવેલ હતો. જે એન્ટ્રી તા. ૧/૩/૧૯૮૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ સદરહું જમીન ઉમેદસિંહ ડાહયાભાઇ સોલંકી વિગેરેના નામે ચાલે છે. જેઓ પૈકી ઉમેદસિંહ ડાહયાભાઇ તા.૧૫/૫/૯૧ નારોજ ગુજરી જવાથી તેમના વારસદાર (૧) ચારુમબેન ઉમેદસિંહ તે સુરેન્દ્રસિંહ મોહનસિંહની પત્ની , (૨) જશુબેન ઉમેદસિંહ તે મોતીસિંહ કાભાઇ બાવાના પત્ની ના નામ દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે નોંધ નં. ૧૧૯૯ તા. ૨/૨/૯૨ નારોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન ગંભીરસિંહ ડાહયાભાઇ વિગેરેના નામે ચાલે છે. જેઓ પૈકી ઉમેદસિંહ ડાહયાભાઇ તા.૧૧/૩/૯૪ નારોજ ગુજરી જવાથી તેમના વારસદાર (૧) ગુલાબબેન નટવરસિંહ સોલંકી તે ગંભીરસિંહ ડાહયાભાઇની છોકરી, (૨) બજુબેન રણજીતસિંહ પરમાર તે ગંભીરસિંહ ડાહયાભઇિની છોકરી ના નામ દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે નોંધ નં. ૧૨૮૦ તા. ૨૧/૫/૯૪ નારોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન માધવસિંહ ડાહયાભાઇ સોલંકી વિગેરેના નામે ચાલે છે. મજકુર જમીનનું બ્લોક વિભાજન કરવા તમામ અરજદારોએ નાયબ કલેકટર ચોર્યાસીસી પ્રાંતનમા અરજદારોએ અરજી તા.૨૨/૧૧/૯૫ કરતા નાયબ કલેકટર ચોર્યાસી પ્રાંતના હુકમ ક્રમાંક /અકત/બવજ/વશી/એસ.આર./નંબર૨૩/૯૫ તા. ૨૭/૫/૯૬ હુકમ કરવામાં આવેલ છે. જે હુકમ મુજબ સદરહું જમીનને બ્લોક નં.૬૪ પૈકી ૧ ક્ષેત્રફળ હે.આરે. ૦-૯૮-૦૩ ચો.મી. આપવામાં આવેલ છે. જે અંગેની નોંધ ગામ દફતરે નોંધ નં.૧૩૯૮ તા.૧૮/૬/૯૬ નારોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન ૬૪ પૈકી વિસ્તાર હે.આરે. ૦-૯૮-૦૩ ચો.મી. વાળી જુની માધવસિંહ પત્ની, જશુબેન ઉમેદસિંહ તે મોતિસિંહ કાભાઇ બાવાની પત્ની ની સંયુકત નામે ચાલે છે. આ જમીનમાં માધવસિંહ મોતિસિંહ ભાગના હિસ્સાની જમીન જમીન ૦-૭૬-૦૩ હે.આરે. ચો.મી. તથા ચારૂમતિબેન ઉમેદસિંહ અને જશુબેન ઉમેદસિંહ ના હે.આરે.ચો.મી. ૦-૨૨-૦૦ જમીન આવેલ છે. માધવસિંહ ડાહયાભાઇ સોલંકીના હિસ્સાની ૦-૭૬-૦૩ વિસ્તારના પોતાની વૃધ્ધા અવસ્થાના કારણે પોતાના સીધીલીટીના વારસોને તા. ૧૦/૧૧/૦૩ થી વહેચણી કરાર લેખ કરીને (૧) જસવંતસિંહ માધવસિંહ ના હિસ્સે હે.આરે. ૦-૨૧-૦૦ ચો.મી. (૨) કનકસિંહ માધવસિંહ સોલંકી ના હિસ્સે હે.આરે. ૦-૩૪-૦૦ ચો.મી. (૩) રાજેન્દ્રસિંહ માધવસિંહના હિસ્સે હે.આરે. ૦-૨૧-૦૦ ચો.મી. (૪) ચારૂમતીબેન ઉમેદસિંહ તથા જશુબેન ઉમેદસિંહ હિસ્સે હે.આરે. ૦-૨૨-૦૦ ચો.મી. આ પ્રમાણે વહેચણી કરવામાં આવેલ છે જે અંગેની નોંધ રેવન્યુ દફતરે નોંધ નં.૧૭૭૧ તા. /૧/૨૦૦૪ પડેલ છે. જે પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ મજકુર ઉત્રાણ ગામનો સુરત સીટી માં સમાવેશ થતા સમગ્ર ગામ દફતરનો સુરત સીટી તાલુકામાં કરવામાં આવેલ હતી. જેની નોંધ રેવન્યું દફતરે એન્ટ્રી નં.૨૦૫૧ થી તા.૨૬/૧૨/૨૦૦૬ નારોજ અને એન્ટ્રી નં. ૨૦૫૨ થી તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ હતી.

ગામ :- ઉત્રાણ **બ્લોક નં :-** ૬૪ પી ૧
ટી.પી. :- ૭૩ **એફ.પી.** :- ૩૮
નામ :- "પાર્ક એવન્યુ"
ફ્લેટ નં. :- ....
બિલ્ડઅપ એરીયા :- .... ((( )))

ત્યારબાદ સદરહું જમીન ચારૂમતીબેન ઉમેદસિંહ તે સુરેન્દ્ર મોહનની પત્ની, (૨) જશુબેન ઉમેદ મોતીસિંહ કાભાઇ બાવાની, કનકસિંહ માધવસિંહ, રાજેન્દ્રસિંહ માધવસિંહ, જેઓ પૈકી કનકસિંહ માધવસિંહ એ તેમના વણવહેચાયેલા હિસ્સાની હિસ્સાની દીશા તરફ ની ક્ષેત્રફળ ૫૫૦૩ ચો.મી. રજીસ્ટર દસ્તાવેજ નં. ૫૮૭૮ તા.૧૭/૪/૨૦૦૮ નારોજ થી સંદિપભાઇ ધીરૂભાઇ કોટડીયા ને વેચાણ આપેલી જે અંગેની રેવન્યુ દફતરે નોંધ નં. ૨૧૪૬૬ તા.૬/૫/૨૦૦૮ નારોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તા.૨/૯/૦૯ નારોજ રદ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું જમીન ચારૂમતીબેન ઉમેદસિંહ તે સુરેન્દ્ર મોહનની પત્ની, (૨) જશુબેન ઉમેદ મોતીસિંહ કાભાઇ બાવાની પત્ની, કનકસિંહ માધવસિંહ, રાજેન્દ્રસિંહ માધવસિંહ, જેઓ પૈકી કનકસિંહ માધવસિંહ, તથા રાજેન્દ્રસિંહ માધવસિંહ એ તેમના વણવહેચાયેલા હિસ્સાની જમીન રજીસ્ટર દસ્તાવેજ નં. ૭૭૬૧ તા. ૧૮/૯/૨૦૦૯, દસ્તાવેજ નં. ૫૯૦, તા.૨૭/૧/૨૦૦૯ ના રોજ થી સંદિપભાઇ ધીરૂભાઇ કોટડીયા ને વેચાણ આપેલી જે અંગેની રેવન્યુ દફતરે નોંધ નં. ૨૨૩૬ તા. ૨૪/૯/૨૦૦૯ નારોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તા.૪/૧૨/૦૯ નારોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું જમીન બાબતે મે. મામલતદાર શ્રી સુરતસીટીના હુકમ નં. આરટીએસ/તકરારી કેસ નં. ૨૨૪/૦૮ તા. ૨/૯/૦૯ તથા ગામ દફતરે પડેલ ફેરફાર નોંધ નં.૨૧૪૬ તા. ૬/૫/૨૦૦૮ ની વિરૂધ્ધ અપીલ કરેલ જે કામે કેસ ચલાવી મે. નાયબ કલેકટર ચોર્યાસી પ્રાંત સુરતનાએ તા.૨૫/૧૦/૨૦૧૦ ના રોજ હુકમ નં. આરટીએસ/અપીલ નં.૧૯૭/૨૦૦૯ થી વાદીને તેમની અપીલ અરજી બીનશરતી પાછી ખેચતા પરવાનગી આપવામા આવેલ છે. અને કેસ અપીલ રજીસ્ટરે કમી કરવામાં આવેલ જે અંગેની રેવન્યુ નોંધ નં. તા.૧૧/૧/૨૦૧૧ નારોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તા. ૭/૫/૨૦૧૧ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન અમો બીજાપક્ષના એ દસ્તાવેજ નં. ૫૮૭૮ તા.૧૭/૦૪/૨૦૦૮ ના રોજ ખરીદ કરેલ જે વેચાણ દસવેજ માં કન્ફર્મેશન ના દસ્તાવેજ થી (૧) જેરામભાઇ હરીભાઇ રાઠોડ તથા (૨) વિનુભાઇ અરજણભાઇ કેવડીયા એ કન્ફર્મેશન કરી આપેલ. જે અંગે નો દસ્તાવેજ મહે. રાંદેર સબ-રજીસ્ટ્રાર સાહેબ ની કચેરી માં અનુક્રમ નં. ૫૫૪ તા. ૦૬/૦૫/૨૦૧૩ ના રોજ નોંધાયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનને ટી.પી.સ્કીમ નં. ૭૩ (ઉત્રાણ) લાગુ પડતા સદર બ્લોક નં. ૬૪ પૈકી ૧ ને ફાઇનલ પ્લોટ નં. ૩૮ આપવામાં આવેલ જે ફાઇનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૬૮૮૨ ચો.મી. આપવામાં આવેલ છે.

ત્યારબાદ મજકુર જમીન માલીક સંદિપભાઇ ધીરૂભાઇ કોટડીયાએ મજકુર જમીનને બિનખેતીના ફેરવવા માટે કલેકટરશ્રીને અરજી કરતા સદર અરજીના અંનુસધાનમાં મે.કલેકટર સાહેબના હુકમ નં. ક્રમાંકઃ એ/બખપ/એસ.આર.નં.૭૬૬/૧૬ આઇ ડી નં. ૨૭૪૪૪ વશી.૧૨૭૭૧ થી ૧૨૭૮૫ તા. ૨૨/૧૨/૧૬ ના રોજ હુકમથી સદરહું જમીનને રહેણાકના હેતુ માટે બિનખેતી ફેરવવામાં આવેલ છે.

ત્યારબાદ સદર જમીનમાં સુરત મહાનગરપાલીકાના હુકમ નં. ટી.ડી.ઓ/નં. .... થી તા. .... ના રોજ સદર જમીનમાં બાંધકામ કરવા વિકાસ પરવાનગી, બાંધકામ રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે.

ગામ :- ઉત્રાણ **બ્લોક નં :-** ૬૪ પી ૧
ટી.પી. :- ૭૩ **એફ.પી.** :- ૩૮
નામ :- **"પાર્ક એવન્યુ"**
ફલેટ નં. :- ....
બિલ્ડઅપ એરીયા :- .... ((( )))

એણી વિગતે, અમો બીજી તરફવાળા, સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ (સુરતસીટી) ના મોજે ગામ- ઉત્રાણના, ખાતા નં.૧૩૯૩, બ્લોક : ૬૪ પૈકી ૧, સર્વે નં. ૧૫ થી નોંધાયેલ જમીન, કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨, મુજબ હે. ૦-૯૮-૦૩ આરે ચો.મી. છે. જેનો આકાર ૧૭.૧૪ પૈસા છે. જેનો ટી.પી. સ્કીમ નં. ૭૩ (ઉત્રાણ) ના **ફાઇનલ પ્લોટ નં. ૩૮** થી નોંધવામાં આવેલ બીનખેતી ઉપયોગની જમીનના સંપુર્ણ માલીક **પ્રમુખ એન્ટરપ્રાઈઝ** એક ભાગીદારી પેઢી, કબજેદાર, વહીવટદાર બનેલા છીએ, અને તેવી રીતે અમો બીજી તરફવાળા થી મજકુર મિલકતના ટાઇટલ્સ સંપુર્ણ બને છે.

આમ, બીનખેતી ઉપયોગની જમીન ઉપર, **પ્રમુખ એન્ટરપ્રાઈઝ** એક ભાગીદારી પેઢી, દ્રારા આયોજીત "પાર્ક એવન્યુ" ઇમારતના ટાઇટલ્સ, બાંધકામના પ્લાન, રજાચિઠ્ઠી, બાંધકામ, ફીટીંગ્સ, ઇલેકિટ્રક ફીટીંગ્સ, ટાઇલ્સ, રૂમની સાઇઝ, કોમન ફેસીલીટીઝ ઇત્યાદી તમામ બાબતોની તમો એક તરફવાળાએ જાતે તેમજ તે બાબતોના નિષ્ણાંતો દ્રારા જાણકારી મેળવીને જોઇ તપાસીને, તમામ બાબતોની ખાતરી કરી/કરવા લઇને તથા કબુલ મંજુર રાખીને, મજકુર "પાર્ક એવન્યુ" બિલ્ડીગના **..........** માળ પર આવેલ ફલેટો પૈકી **ફલેટ નં. ....** થી નોંધવામાં આવેલ મિલકત વેચાણ રાખવાનું નકકી કરેલ મિલકત, અમો બીજા તરફવાળા વેચાણ આપનારાઓ, તમો એક તરફવાળાને રૂા. ..../- અંકે રૂપિયા ....પુરાના કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ. તેનો આ વેચાણનો દસ્તાવેજ અમો બીજી તરફવાળા, તમો એક તરફવાળા વેચાણ રાખનારની તરફેણમાં લખી/કરી આપીએ છીએ. મજકુર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતનું સંર્પુણ વર્ણન નીચે પરિશિષ્ટમાં વર્ણવામાં આવેલ છે. મજકુર તમોને વેચાણ આપેલ તથા નીચે પરિશિષ્ટમાં વર્ણવામાં આવેલ મિલકત હવે પછી આ દસ્તાવેજમાં "મજકુર મિલકત" અને/અગર "મજકુર વેચાણ આપેલ મિલકત" એ રીતે સંબોધવામાં આવેલ છે. સહી.

મજકુર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતના વેચાણ અવેજનાં નાણાં એક તરફવાળા તરફથી, અમોને નીચેની વિગતે ચુકતે મળેલ છે.

-:: પરીશિષ્ટ ::-

અ.નં.	બેંકનું નામ	ચેક /ડી.ડી. નં.	તારીખ	રકમ (રૂા.)
૧.				
૨.				
કુલ રૂપિયા				

ઉપરની વિગતે વેચાણ અવેજના ચુકતે નાણાં રૂા. ..../- અંકે રૂપિયા ....પુરાના, તમો એક તરફવાળા પાસેથી પુરેપુરા અમો બીજી તરફવાળાને મળી ગયેલ છે. તેની અમો બીજી તરફવાળા આ વેચાણ દસ્તાવેજ થકી પહોંચ

ગામ :- ઉત્રાણ **બ્લોક નં :-** ૬૪ પી ૧
ટી.પી. :- ૭૩ **એફ.પી.** :- ૩૮
નામ :- **"પાર્ક એવન્યુ"**
ફ્લેટ નં. :- ....
બિલ્ડઅપ એરીયા :- .... ((( )))
સ્વીકારીએ છીએ તથા રસીદ આપીએ છીએ. ભવિષ્યમાં નાણાં ઓછા મળયા બદલ કે ન મળયા બદલ કે અવેજ ઓછો મળયા બદલની અમો બીજી તરફવાળાએ કોઇ તર-તકરાર કરવા/કરાવવાની નથી તેમ છતાં કરીએ/કરાવીએ તો તે ચાલે નહી અને તે આથી રદબાતલ થાય સહી ગણાય સહી.

ઉપરની વિગતે વેચાણ અવેજના ચૂકતે નાણાં અમો બીજી તરફવાળાએ તમો એક તરફવાળા પાસેથી ચૂકતે મેળવી લઇને આ વેચાણ દસ્તાવેજ તમો એક તરફવાળાની તરફેણમાં કરી આપેલ છે. તથા મજકુર મિલકતના સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક બનાવીને, મજકુર મિલકત તમો એક તરફવાળાની સંપુર્ણ અને સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટપણામાં સોંપી દીધેલ છે સહી. મજકુર મિલકતમાં તમો વસો/વસાવો, અગર કોઇપણ પ્રકારની વ્યવસ્થા કરો/કરાવો, અગર તમારી મરજી મુજબ ગીરવી, વેચાણ કે બક્ષિસ ઇત્યાદી હરકોઇ પ્રકારે તેની વ્યવસ્થા કરવા/ કરાવવા તમો એક તરફવાળા તથા તમારા વંશ વાલી વારસો સંપુર્ણ અને સ્વતંત્ર માલિક મુખત્યાર, હક્કદાર, કબજેદાર થયા છો સહી.

મજકુર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકત તદન નબોજી, નકરજી, ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી છે અને તે મિલકત અમો બીજી તરફવાળાએ તમો એક તરફવાળા વેચાણ રાખનાર સિવાય અન્ય કોઇને વેચાણ આપી નથી કે કોઇને ગીરવી, બક્ષિસ કે સાટાખતથી લખી આપેલ નથી, કે તે સરકારી કચેરીઓના પ્રકરણમાં સંડોવાયેલી નથી, કે કોઇને જામીન તરીકે લખી આપેલ નથી, કે તેના ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો ચાર્જ કે બોજો નથી, તેની સંપૂર્ણ ખાત્રી તમો એક તરફવાળાને કરાવી આપેલ છે અને તે તમામ તમો એક તરફવાળાએ કબુલ, મંજુર રાખીને મજકુર જમીન/મિલકત વેચાણ રાખેલ છે. તેમજ મજકુર વેચાણ આપેલ મિલકતના ટાઇટલ્સ અંગેના જુના દસ્તાવેજો, રેવન્યું દફતરની નકલો, પરવાનગીઓ, બાંધકામ પ્લાન, રજાચિઠ્ઠી, તેમજ અન્ય તમામ સાહિત્યની નકલો, તમો એક તરફવાળાને સુપરત કરેલ છે. આથી તેવા ટાઇટલ્સ અંગેના દસ્તાવેજો, સાહિત્ય અંગેની હવે પછી કોઇપણ પ્રકારની માંગણી કે તર-તકરાર તમો એક તરફવાળાએ કરવા/કરાવવાની નથી અને તેનો તમો એક તરફવાળાએ સ્વીકાર કરેલો છે સહી.

તમો એક તરફવાળા વેચાણ રાખનારને અમો બીજી તરફવાળાએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વર્ણન/વિગત વાળો માત્ર બાંધકામ વાળો હિસ્સો, મજકુર મિલકતની ઇમારત તળેની જમીનના વણવહેંચાયેલ હિસ્સા તથા સહીયારા વપરાશની જગ્યાના વપરાશના હક્કો સાથેનો જ ફક્ત વેચાણ આપેલ છે. આથી તમો એક તરફવાળા ને વેચાણ આપેલ મિલકતની આગળ પાછળ આજુબાજુ, નીચે-ઉપરની તરફે આવેલ બ્લોકસ, ફ્લેટસ, ખુલ્લી જગ્યા તેમજ સમગ્ર કોમ્પલેક્ષની

ગામ :- ઉત્રાણ **બ્લોક નં :-** ૬૪ પી ૧
ટી.પી. :- ૭૩ **એફ.પી.** :- ૩૮
નામ :- **"પાર્ક એવન્યુ"**
ફલેટ નં. :- ....
બિલ્ડઅપ એરીયા :- .... ((( )))

બાકીની જગ્યા, મિલકત ઇત્યાદીમાં આ દસ્તાવેજ દ્વારા સ્પષ્ટ રીતે આપવામાં આવેલા હક્ક, સિવાયના કોઇપણ પ્રકારનો હક્ક, હિસ્સો કે અધિકાર તમો એક તરફવાળાનો છે નહી, રહેશે નહી કે ગણાશે નહી.

તમો એક તરફવાળા કે અન્ય ફલેટ/બ્લોક હોલ્ડર્સ, મજકૂર "પાર્ક એવન્યુ" ઇમારતોના કલર એલીવેશનમાં કોઇપણ પ્રકારો ફેરફાર કરી/કરાવી શકશે નહી, તેમજ નક્કી કરવામાં આવેલ ડિઝાઇન સિવાયની અન્ય કોઇપણ પ્રકારની ગ્રીલ-જાળી વિગેરે લગાવી શકશે નહી. તેનો તમો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને કબુલ મંજુર રાખેલ છે સહી. મજકુર "પાર્ક એવન્યુ" વાળી ઇમારતોમાં આવેલ અંડરગ્રાઉન્ડ તથા ઓવર હેડ પાણીની ટાંકીઓ, બોરીગ તથા અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકીના વોટર પંપ, લીફ્ટ, વિગેરે કોમન ફેસીલીટીઝની જાળવણી મેઇન્ટેનન્સ, રીપેરીગ ખર્ચ, વિજળી વપરાશના બિલો, પાર્કીગ, પેસેઝ, દાદર, ઇત્યાદીની સાફ-સફાઇ ખર્ચ, પાાર્કીગ અંગેનો મ્યુનિસિપલ વેરો તમામ ખર્ચાઓ, વેરાઓ, ચાર્જીસ વગેરે, તેમજ મજકુર "પાર્ક એવન્યુ" સંપુર્ણ વસાહતની સહિયારી સગવડતાઓ જેવી કે મેઇનગેટ, કોમન ગાર્ડન, આંતરિક રસ્તાઓ, કમ્પાઉન્ડ વોલ તથા લાઇટસ, કોમન લાઇટો, વગેરેની જાળવણી, મેઇટેનન્સ રીપેરીગ અને વપરાશી ખર્ચ. કોમન એરીયાની સફાઇ વગેરે જાળવણી તથા વપરાશી ખર્ચ, વેરાઓ ચાજીર્સ વગેરે ખર્ચાઓ, તમો એક તરફ વાળા તથા બાકીના સભ્યો, કબજેદારો, માલિકોએ ફાળે પડતો ચુકવવાનો/ ભોગવવાનો રહેશે સહી.

મજકુર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતનો કબજો તમો એક તરફવાળાને અમો બીજી તરફવાળાને સુપરત કરેલ છે જે તમો એક તરફવાળાએ જોઇ તપાસી સંભાળી લીધેલ છે. હવે પછીની કોઇપણ પ્રકારનું લીકેજ થાય તો તેનું સમારકામ સ્વખર્ચે તેમજ જોખમે કરવા/કરાવવાની સંપૂર્ણ જવાબદારી જે તે કબજેદાર, વપરાશકારક, માલીકની ગણાશે સહી. જે ફલેટમાંથી લીકેજીંગ થતું હોય તે ફલેટના કબજેદાર, વપરાશકારક, માલિકોએ તે લીકેજ રીપેરીગ પોતાના ખર્ચે કરાવી આપવાનું રહેશે સહી. જો ટેરેસમાંથી લીકેજીંગ થતુ હોય તો ઇમારતના તમામ સભ્યો, કબજેદારો, માલિકોએ સહીયારી રીતે તે લીકેજનું રીપેરીગ પોતાના ખર્ચે કરાવી આપવાનું રહેશે સહી. તમો તરફવાળા તેમજ ઇમારતના અન્ય માલિક, કબજેદારો ફલેટના આર.સી.સી ફ્રેમ સ્ટ્રકટરને નુકશાન થાય તે પ્રકારની કોઇપણ તોડ-ફોડ, ફેરફાર, સુધારો-વધારો અમો બીજી તરફવાળા તથા અમારા આર્કિટેકટની લેખીત પુર્વ-મંજુરી વીના કરી/કરાવી શકશો નહી. આજદીન બાદ કુદરતી આપતિઓ જેવી કે ધરતીકંપ, નંદી કે વરસાદના પૂર, આગ, વાવાઝોડું વગેરે તથા માનવ સર્જિત આપતિઓ જેવી કે રમખાણો,

તોફાનો, તથા આગળની બાંધકામમાં ફેરફાર કરવા માટે કરવામાં આવતી તોડફોડ વગેરેને કારણે બાંધકામને નુકશાન થાય તો તેની સંપુર્ણ જવાબદારી તમો એક તરફવાળાની રહેશે સહી, ગણાશે સહી. તથા તે અંગે અમો બીજી તરફવાળાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ રીતે, કોઇપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ કાયદાકીય જવાબદારી રહેશે નહી, ગણાશે નહી, અને તેનો તમો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, કબુલ મંજુર રાખેલ છે સહી.

મજકુર "પાર્ક એવન્યુ" ઇમારતના વહીવટ, દેખરેખ, અને જાળવણી માટે જો કોઈ એસોસિએશન કે સોસાયટી કે સર્વીસ સોસાયટીની રચના કરવામાં આવે તો તમો એક તરફ વાળાએ તથા અન્ય ફલેટ હોલ્ડરો, કબજેદારો, વપરાશકારો ફરજીયાત રીતે તેના સભાસદ બનવાનું રહેશે તથા તેની રચના અંગે જે કોઇ ખર્ચ થાય તેમાં તમારા હીસ્સે પડતા ખર્ચની રકમ/નાણાં તમોએ ચુકવવાના રહેશે તથા ઘડવામાં આવતા નિતી નિયમોનું પાલન કરવાનું રહેશે તથા નિયત કરવામાં આવે તેવી મેઇન્ટેનન્સ ખર્ચની રકમ/નાણાં નિયમિત રીતે તમોએ ચુકવવાના રહેશે. મજકુર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકત અંગેના તમામ સરકારી વેરાઓ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના વેરાઓ, શિક્ષણ ઉપકરણ, વગેરે તમામ પ્રકારના વેરાઓ ફાળાઓ ચાર્જીસ ભરપાઇ કરવામાં આવેલ છે. મજકુર મિલકત અંગેના હવે પછીના તમામ સરકારી વેરાઓ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના વેરાઓ, શિક્ષણ ઉપકરણ, બેટરમેન્ટ ચાજીર્સ વગેરે તમામ પ્રકારના વેરાઓ, ફાળાઓ, ચાજીર્સ ઇત્યાદી તમો એક તરફવાળાએ ભરપાઇ કરવાનાં રહેશે સહી.

એક તરફવાળાએ મજકુર મિલકતનું બુકિંગ કરાવેલ તે પ્રમાણેની તમામ કોમન સુવિધાઓ તથા ફલેટની અંદરની સુવિધાઓ તથા બિલ્ડીગની સુવિધાઓ તથા સોસાયટીની સુવિધાઓ બીજી તરફવાળાએ સંપુર્ણપણે પરીપુર્ણ કરી આપેલ છે. જે બાબત એક તરફવાળાઓએ પુરેપુરી જોઇ ચકાસી લીધેલ છે. જે બાબત એક તરફ વાળાઓને કોઇપણ પ્રકારની તર-તકરાર નથી તેમજ ભવિષ્યમાં કરવાની નથી જો કરે તો આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ થાય. મજકુર તમામનો એક તરફ વાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, કબુલ-મંજુર રાખેલ છે સહી.

મજકુર "પાર્ક એવન્યુ" માં આવેલ લીફટ અંગેના સાધનોની તેમજ અન્ય તમામ સુવિધાઓ, એક તરફ વાળાએ જાતે તથા તેના નિષ્ણાંતો દ્વારા, પુરેપુરી જોઇ ચકાસી લીધેલ છે. જે હાલ સંપુર્ણ ચાલુ કન્ડીશનમાં, તમો એક તરફવાળાને, અમો બીજી તરફ વાળાએ સુપ્રત કરેલ છે તેમજ હવે પછીથી તે તમામ સુવિધાઓની જાળવણી, કાયદેસરની તમામ પરવાનગીઓ રીન્યુ

કરાવવાની તમામ કાર્યવાહી તમો એક તરફ વાળા તથા બાકીના સભ્યો, કબજેદાર, માલિકોએ જાતે કરવાની રહેશે તેમજ તે અંગેના ખર્ચાઓ તમો એક તરફવાળા બાકી સભ્યો, કબજેદાર, માલીકોએ ફાળે પડતો ચુકવવાનો/ભોગવવાનો રહેશે સહી તેમજ તે અંગે હવે પછી અમો બીજી તરફવાળાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ, કાયદાકીય જવાબદારી રહેશે નહી, ગણાશે નહી અને તેનો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, કબુલ મંજુર રાખેલ છે સહી.

અમો વેચાણ આપનારે મજકુર મિલકતમાં નક્કી થયા મુજબ બાંધકામ કરી મજકુર મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ રાખનારને સુપ્રત કરેલ છે. મજકુર મિલકત અંગે કોઇપણ પ્રકારનું બાંધકામ કે તેને સંલગ્ન કોઇ કામગીરી બાકી નથી તેમજ મજકુર બાંધકામ અને તેની સંલગ્ન તમામ કામગીરી બાબતે તમો વેચાણ રાખનારને સંપુર્ણ સંતોષ થયેલ છે. અને તે તમામ તમોએ જાતે તથા તે બાબતોના નિષ્ણાંત જાણકારી ધરાવનાર પાસે તપાસ કરી કરાવીને ખાતરી કરી કરાવીને જોઇ તપાસીને સદરહુ મિલકતનો કબજો પણ મેળવી લીધેલ છે. નક્કી થયા મુજબની તમામ સુવિધાઓ તમામ પ્રકારે સંપુર્ણ રીતે પરીપુર્ણ થયેલી છે. તેમજ બાંધકામ તથા તેમાં વપરાશમાં લેવામાં આવેલ માલ સામાન, સામગ્રી, ફીટીગ્સ, ફિકચર્સ વિગેરે યોગ્ય ગુણવતા વાળા છે અને તે બાબતે તમો એક તરફવાળાને કોઇપણ પ્રકારની ફરીયાદ તકરાર છે નહી તેમજ હવે પછી ભવિષ્યમાં પણ તમો એક તરફવાળાએ તે બાબતે કોઇ ફરીયાદ કે તકરાર કરવા-કરાવવાની નથી.

તેમ છતાં કરીએ કરાવીએ તો તે રદબાતલ થાય સહી. તેમજ વખતો વખત સરકારી ધારા-ધોરણો અનુસાર રજીસ્ટર્ડ સ્ટ્રકચર એન્જીનીયર પાસે સંપુર્ણ બિલ્ડીગનુ ઇન્સપેકશન કરાવી જરૂરી ફેરફારો, સમારકામ કરાવવા માટે, કોઇપણ જાતની અનાકાની વગર તમામ સભ્યોએ સંમત થઇ જે તે જરૂરી ફેરફારો સમારકામ કરાવવા માટે, સ્વખર્ચે કરી, સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટ, રજીસ્ટર્ડ સ્ટ્રકચર એન્જીનીયર પાસેથી મેળવી લેવાનુ રહેશે. તે અંગે હવે પછી અમો બીજી તરફવાળાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ રીતે કોઇપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ, કાયદાકીય જવાબદારી રહેશે નહી, ગણાશે નહી અને તેનો તમો એક તરફ વાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, કબુલ મંજુર રાખેલ છે સહી.

તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકત સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના દફતરે, સીટી સર્વે કચેરી તેમજ અન્ય સરકારી-અર્ધસરકારી કચેરીઓના દફતરે તમો એક તરફ વાળા તમારા નામ ઉપર દાખલ કરાવી લેજો. તે અંગે જરૂરી સહી, કબુલાત મંજુર, વગેરે અમો બીજી તરફવાળાએ આપવી સહી. તથા આ દસ્તાવેજ થકી અમારી તેવી કબુલાત, મંજુરી ગણાય.

ગામ :- ઉત્રાણ **બ્લોક નં** :- ૬૪ પી ૧
ટી.પી. :- ૭૩ **એફ.પી.** :- ૩૮
નામ :- **"પાર્ક એવન્યુ"**
ફ્લેટ નં. :- ....
બિલ્ડઅપ એરીયા :- .... ((( )))

તમો એક તરફવાળાને આ વેચાણ દસ્તાવેજથી જે પ્રમુખ એન્ટરપ્રાઈઝ ના નામ પર ચાલતા કોર્પોરેશન વેરા, જી.ઈ.બી. મીટર બીલ તથા ગેસ કનેકશનના બીલ વિગેરે પોતાના નામ પર, આ દસ્તાવેજથી પોતાના ખર્ચે છ મહિનાની અંદર ટ્રાન્સફર કરી લેવાનુ રહેશે. તે અંગે જરૂરી સહિ. કબુલાત મંજુરી વગેરે અમો બીજી તરફવાળાએ આપવાની રહેશે. આ દસ્તાવેજ થકી અમારે તેવુ કબુલાત મંજુરી ગણાશે. તથા જમીનનો દર વર્ષે જે મેહસુલ ખર્ચ આવે તે તમામ સભ્યોએ તે સહિયારો ભરવાનો રહેશે.

આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચે જેવો કે સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી, લખાણ ફી, ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ (જી.એસ.ટી.) તથા અન્ય પરચુરણ ખર્ચે તમો એક તરફવાળાએ ભોગવેલ છે, ચૂકવેલ છે તથા ભોગવવાનો/ચૂકવવાનો રહેશે. ભવિષ્યમાં વધારાની સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી, દંડ, વ્યાજ, ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ (જી.એસ.ટી.) કે અન્ય ખર્ચાઓની જે કાઇ રકમ ચૂકવવાની થાય તો તે તમામ રકમ તમો એક તરફવાળાએ ભરપાઇ કરવાના રહેશે. સહી.

પરિશિષ્ટ

-:: વેચાણ આપેલ મિલકતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ (સુરતસીટી) ના મોજે ગામ-ઉત્રાણના, ખાતા નં.૧૩૯૩, બ્લોક : ૬૪ પૈકી ૧, સર્વે નં. ૧૫ થી નોંધાયેલ જમીન, કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨, મુજબ હે. ૦-૯૮-૦૩ આરે ચો.મી. છે. જેનો આકાર ૧૭.૧૪ પૈસા છે. જેનો ટી.પી. સ્કીમ નં. ૭૩ (ઉત્રાણ) ના **ફાઇનલ પ્લોટ નં. ૩૮** થી નોંધવામાં આવેલ બીનખેતી જમીનમાં આયોજન કરવામાં આવેલ **"પાર્ક એવન્યુ"** ના .... બિલ્ડીગના .... માળ પર આવેલ ફ્લેટો પૈકી **ફ્લેટ નં.** .... વાળી મિલકત કે જેનો બિલ્ડ અપ એરીયા .... **સ્કે.ફુટ યાને** .... **ચો.મી.** તથા **કાર્પેટ એરીયા**............ **ચો..મી** વાળી સદર મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ રાસુકા વપરાશના હક્કો તેમજ તળની જમીનના વણવહેંચાયેલ હિસ્સા સહિતની મિલકત. જે સંપુર્ણ બિલ્ડીગ .... ની ચર્તુસીમા નીચે મુજબ છેઃ-

ગામ :- ઉત્રાણ **બ્લોક નં** :- ૬૪ પી ૧
ટી.પી. :- ૭૩ **એફ.પી.** :- ૩૮
નામ :- **"પાર્ક એવન્યુ"**
ફલેટ નં. :- ....
બિલ્ડઅપ એરીયા :- .... ((( )))

-:: ચર્તુદીશા ::-

પુર્વે :- લાગુ

પશ્ચિમે :- લાગુ

ઉત્તરે :- લાગુ

દક્ષિણે :- લાગુ

એણી વિગતોનો આ ફલેટ વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ આજરોજ હમારી રાજી ખુશીથી સમજી, વિચારી, વાંચી, વંચાવી, સાંભળી, સમજી, તન-મનની સંપુર્ણ સાવધ અને સ્વસ્થ અવસ્થામાં ચિત અને તબીયત ઠેકાણે રાખી અક્કલ, હોશીયારીથી સમજી, વિચારી, કોઇના કોઇપણ જાતના દાબ દબાણ વીના લખી આપ્યો છે. જે હમોને તથા હમારા વંશવાલી, વારસો, સકસેસર, ટ્રાન્સફરી, એસાઇની, એડમીનીસ્ટ્રેટર, એકઝીકયુટર, ઇત્યાદી તમામને કબુલ મંજુર તેમજ બંધનકર્તા છે અને રહેશે. સહી.

અમો બીજી તરફવાળા સંપુર્ણ અને સ્વતંત્ર માલિક મુખત્યાર છીએ. મજકુર મિલકત અમો બીજી તરફવાળાનાં સંપુર્ણ અને સ્વતંત્ર પ્રત્યક્ષ માલિકી ભોગવટા વહીવટપણામાં ચાલી આવેલ છે. અને તેની હરકોઇ પ્રકારની વ્યવસ્થા કરવા/કરાવવાનો અમો બીજી તરફવાળાને સંપુર્ણ હકક અને અધિકાર છે.

અત્રે -----------------------------મતુ તત્રે -----------------------------શાખ.

----------------------------------- ----------------------------------

મે. પ્રમુખ એન્ટરપ્રાઈઝ એક ભાગીદારી પેઢી

વતી તેનાં વહીવટ કર્તા ભાગીદાર ----------------------------------

શ્રી..

(સાક્ષી)

ગામ :- ઉત્રાણ **બ્લોક નં** :- ૬૪ પી ૧
ટી.પી. :- ૭૩ **એફ.પી.** :- ૩૮
નામ :- **"પાર્ક એવન્યુ"**
ફલેટ નં. :- ....
બિલ્ડઅપ એરીયા :- .... ((( )))

મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :

મિલકતનું પોસ્ટલ સરનામું:- ફલેટ નં. ...., પાર્ક એવન્યુ, બ્લોક નં. ૬૪ પૈકી ૧, ટી.પી.સ્કીમ નં. ૭૩(ઉત્રાણ), ફા.પ્લોટ નં. ૩૮, મોજે ગામ ઉત્રાણ, તા. અડાજણ, જી. સુરત.

મિલકત રાખનારની સહી ....

મિલકત તબદીલ કરનારની સહી ....

ગામ :- ઉત્રાણ **બ્લોક નં :-** ૬૪ પી ૧
ટી.પી. :- ૭૩ **એફ.પી.** :- ૩૮
નામ :- **"પાર્ક એવન્યુ"**
ફ્લેટ નં. :- ....
બિલ્ડઅપ એરીયા :- .... ((( )))

(વેચાણ લેનાર)

શ્રી ....

×---------------------------------------

(વેચાણ આપનાર)

મે. પ્રમુખ એન્ટરપ્રાઈઝ એક ભાગીદારી પેઢી

વતી તેનાં વહીવટ કર્તા ભાગીદાર

શ્રી..

×--------------------------------------